જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ પ્રેસ
પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૧૪-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૧૩ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રાફેલ ડીલ મામલે દસોલ્ટની સ્પષ્ટતા બાદ કોંગ્રેસનો ટોણો

વાયુસેનાને પૂછ્યા વગર કોન્ટ્રાક્ટમાં ફેરફાર કર્યા : રાહુલ ગાંધી

મોદીજીએ ૩૦,૦૦૦ કરોડ રૂપિયા અંબાણીના ખિસ્સામાં મુક્યા



દસોલ્ટ સીઈઓએ ફેરવી તોળ્યું: રિલાયન્સની પસંદગી અમે કરી

રાફેલ ડીલમાં રાહુલ ગાંધીના આરોપોને દસો કંપનીના સીઈઓ એરિક ટ્રેપિએ નિરઅર્થક ગણાવ્યો છે. તેમણે મંગળવારે એક ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી. ટ્રેપિએ કહ્યું કે રિલાયન્સને દસોએ પોતે પસંદ કર્યું હતું. કોંગ્રેસની સાથે અમારો લાંબો અનુભવ છે. રાહુલ ગાંધીના નિવેદનથી દુઃખ થયું. વર્ષ ૧૯૫૩માં ભારતની સાથે પ્રથમ ડીલ થઈ હતી. અમે કોઈ પાર્ટી માટે કામ કરતા નથી. જોકે, ઈન્ડિયન એરફોર્સ અને ભારત સરકારને મહત્વના ઉત્પાદ સપ્લાઈ કરી રહ્યાં છે.

ટ્રેપિએનું કહેવું છે કે રિલાયન્સ સિવાય અમારા બીજા ૩૦ પાર્ટનર પણ છે. ઈન્ડિયન એરફોર્સ રાફેલ ડીલનું એટલા માટે સમર્થન કરી રહી છે કારણ કે તેમને લડાકૂ વિમાનોની જરૂરિયાત છે. ટ્રેપિએનું કહેવું છે કે ૩૬ રાફેલ વિમાનોની કિંમત પણ એટલી જ રાખવામાં આવી છે, જેટલી ૧૮ વિમાનોની હતી. જયારે કિંમત બે ગણી થઈ હતી.

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર દ્વારા રાફેલ ડીલની પ્રક્રિયા અને કિંમત અંગે સુપ્રીમ કોર્ટમાં જાણકારી આપવા પર રાહુલ ગાંધીએ મોદી પર કટાક્ષ ભર્યા શબ્દોમાં જણાવ્યું છે કે, સુપ્રીમ કોર્ટમાં પોતાની ભૂલ સ્વીકારી લીધી છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં મોદીજીએ પોતાની ચોરી સ્વીકારી લીધી છે. સોગંદનામામાં તેમણે સ્વીકાર્યું છે કે, વાયુસેનાથી પૂછ્યા વગર જ કોન્ટ્રાક્ટમાં ફેરફાર કર્યા અને ૩૦,૦૦૦ કરોડ રૂપિયા અંબાણીના ખિસ્સામાં મુક્યા છે. પિક્ચર અભી બાકી હે મેરે દોસ્ત....!

નોંધનીય છે કે, સોમવારે સરકારે આ ડીલ મામલે એક મહત્ત્વનું સોંગદનામું સુપ્રીમ કોર્ટમાં દાખલ કર્યું હતું. આ વચ્ચે દસોલ્ટ એવિએશનના સીઈઓ એરિક ટ્રેપિયર સાથેની વાતચીત પર પણ કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, નક્કી કરેલા ઈન્ટરવ્યુ અને પહેલાથી ઘઢેલા જૂઠ કોંભાડને દબાવી શકશે નહી. પહેલો નિયમ લાભ મેળવનારો વ્યકિત અને સહ-આરોપીના નિવેદનનો કોઈ મહત્વ હોતો નથી. બીજો નિયમ લાભ મેળવનારા વ્યકિત અને આરોપી પોતાના જ કેસમાં જજ બની શકતા નથી.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે રાફેલ ડીલ અંગે સીલબંધ કવરમાં રાફેલની કિંમત અંગે જાણકારી આપી છે. બીજી તરફ રાફેલ ડીલ મુદ્દે આ વિમાન બનાવનાર કંપની ડસોલ્ટના સીઈઓ દ્વારા પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. જોકે તેના પર પણ કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યુ છે કે અગાઉથી નક્કી થયેલા ઈન્ટરવ્યૂ અને પૂર્વઆયોજિત જૂઠ્ઠાણા રાફેલ ગોટાળાને નહી દબાવી શખે.

યુપીએ સરકારે ફ્રાન્સની લડાકૂ વિમાન બનાવનારી કંપની દૈસો એવિએશનની સાથે ૧૨૫ રાફેલ વિમાનોનો સોદો કર્યો હતો.

તેમાં ૧૦૮ વિમાનોનું નિર્માણ લાઈસેંસ્ડ પ્રોડકશન અંતર્ગત એચએએલ દ્વારા કરવામાં આવનાર હતું. ૧૮ વિમાનોનું નિર્માણ ફ્રાન્સમાં કરીને તેને ભારતમાં લાવવાની યોજના હતી. આ સોદા આગળ નહિં વધે.

રેડી ટુ ફ્લાય સ્થિતિમાં ખરીદાયેલા રાફેલ વિમાન ૧૨૬ વિમાનોની અગાઉની ડીલ કરતા સસ્તા છે. જો ૧૨૬ વિમાનોની ડીલ થઈ હોત તો કરાર એચએએલને જ મળવાનો હતો. છેલ્લે એચએએલ દ્વારા કહેવામાં આવ્યું હતું કે, ઓફસેટમાં સામેલ થવા માટે તે ઈચ્છુક નથી. જેનાથી કરાર રિલાયન્સ સાથે કરવામાં આવ્યો છે.

ત્રાસવાદીઓ ઉપર સેનાની બેવડી કાર્યવાહી

જમ્મુ કાશ્મીર : ૩ ત્રાસવાદી મોતને ઘાટ, હથિયારો કબજે

અખનુર સેક્ટર ખાતે થયેલી અથડામણ : સરહદ પારથી ત્રાસવાદીઓને ઘુસાડવા પાક સેના દ્વારા સતત ગોળીબાર

જમ્મુ

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી પંચાયતી ચૂંટણીને પ્રભાવિત કરવા અને લોકોમાં દહેશત ફેલાવવા માટે સતત કાવતરા ઘડી રહ્યા છે. આ નાપાક ઈરાદાઓને નિષ્ફળ બનાવવા માટે ભારતીય સેના સતત કામ કરી રહી છે. અખનુર સેક્ટરમાં ભારતીય સેનાના જવાનોએ એક ખૂંખાર ત્રાસવાદીને ઠાર મારીને સફળતા મેળવી છે. બીજી બાજુ કૂંપવારામાં બીજા બે ત્રાસવાદીઓને ઠાર કરી દીધા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ ત્રાસવાદ ઉપર ડબલ એટેક કરીને મોટી સફળતા હાંસલ કરી છે. ત્રાસવાદીઓ સરહદ પારથી ઘુસણખોરીના પ્રયાસમાં છે. બીજી બાજુ પાકિસ્તાનના જવાનો ત્રાસવાદીઓને ઘુસાડવા માટે સતત ગોળીબાર કરી રહ્યા છે. સોમવારે મોડી રાત્રે મેંઢર વિસ્તારમાં ગોળીબાર કરાયો હતો. ત્રાસવાદીઓ સામે હાલમાં એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. કારણ કે ત્રાસવાદીઓ હવે કોઈ પણ કિંમતે તેમની હાજરી પુરવા કરવા માટે હુમલા કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જેના ભાગરૂપે ત્રાસવાદીઓ બહાર નિકળી રહ્યા છે. તેમના પર હુમલા કરવામાં આવી રહ્યા છે. ઓપરેશન ઓલઆઉટના કારણે ત્રાસવાદીઓની કમર તુટી ગઈ છે. ત્રાસવાદીઓની હાલત કફોડી બનેલી છે. જો કે સ્થાનિક કેટલાક કટ્ટરપંથીઓ અને સ્થાનિક લોકોના કારણે ત્રાસવાદીઓ તેમની વચ્ચે છુપાઈ જઈને કેટલાક હુમલા કરવામાં સફળ સાબિત થઈ રહ્યા છે.પથ્થરબાજો તેમને બચાવી રહ્યા છે. જો કે તેમની સામે પણ કાર્યવાહી હવે શરૂ કરવામાં આવી છે. ઓપરેશન ઓલઆઉટના કારણે સેંકડો ત્રાસવાદીઓનો સફાયો થઈ ચુક્યો છે. ત્રાસવાદીઓની કમર તુટી ગઈ છે. તેમના મુખ્ય લીડરો ફુંકાઈ ચુક્યા છે. હજુ તેમની સામે કઠોર કાર્યવાહીનો દોર જારી રાખવામાં આવ્યો છે. પ્રાપ્ત થયેલી માહિતી મુજબ અંકુશ રેખા પાર કરીને ૧૬૦ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. હિંસા અને હુમલાની સ્થિતીને ધ્યાનમાં લઈને હાઈ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. એલઓસી નજીકના વિસ્તારોમાં સેનાના જવાનોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. નગોટા સ્થિત વ્હાઈટ નાઈટ કોરના જર્નલ કમાન્ડિંગ ઓફિસરનો હોદ્દો સંભાળી રહેલા લેફ્ટી જનરલ પરમજીતસિંહે કહ્યું છે કે, સરહદ પારથી ત્રાસવાદી ગતિવિધિ એજ વખતે રોકાશે જયારે પાકિસ્તાન પોતાની નીતિને વધુ સ્પષ્ટ કરશે. પાકિસ્તાનના કબજાવાળા પોકમાં ૨૦૧૬માં સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. પાકિસ્તાની સરકાર તરફથી ઉદાસીન વલણ રખાયું છે.

સબરીમાલા વિવાદ: સુપ્રીમની ૪૯ પુનર્વિચાર અરજીઓ પર ૨૨ જાન્યુઆરીએ સુનાવણી

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે કેરળના સબરીમાલા મંદિરમાં દરેક વયની મહિલાઓના પ્રવેશને લઈને પોતાના નિર્ણય પર પુનર્વિચારની દાખલ થયેલી ૪૯ અરજી મંજૂર કરી છે. જેના પર ૨૨ જાન્યુઆરીએ ઓપન કોર્ટમાં સુનાવણી થશે. મંગળવારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે સુનાવણી થાય ત્યાં સુધી મંદિરમાં મહિલાઓના પ્રવેશનો નિર્ણય યથાવત રહેશે. ૨૮ સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ દીપક મિશ્રાની અધ્યક્ષતાવાળી પાંચ જજની બેંચે ૪-૧થી નિર્ણય આપ્યો હતો. જેમાં તમામ આયુની મહિલાઓને મંદિરમાં પ્રવેશવાની મંજૂરી આપી હતી. પહેલાં અહીં ૧૦ વર્ષની બાળકીઓને લઈને ૫૦ વર્ષ સુધીની મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ હતો.

ચીફ જસ્ટિસ રંજન ગોગઈ, જસ્ટિસ આરએફ નરીમન, જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડ અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની બેંચ સબરીમાલા સંબંધી નિર્ણય પર પુનર્વિચારની માંગવાળી અરજીઓ પર વિચાર કરશે. આ અરજી ઉપરાંત આ નિર્ણય પર પુનર્વિચારની માંગવાળી ત્રણ અલગ અલગ અરજીઓ પર ચીફ જસ્ટિસ ગોગોઈ, જસ્ટિસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફની બેંચની પાસે ઓપન કોર્ટમાં સુનાવણી માટે મોકલવામાં આવશે.

સબરીમાલા મંદિર મામલે સુપ્રીમ કોર્ટના આદેશ પછી કેરળમાં વિરોધ પ્રદર્શનો થયાં. અનેક સંગઠન કોર્ટના ચુકાદા વિરૂદ્ધ તો કોઈ તેના પક્ષમાં પ્રદર્શનો કરી રહ્યાં છે.

સબરીમાલા સ્થિત ભગવાન અયપ્પાના મંદિર ૧૭ નવેમ્બરે બે મહિના માટે ખુલશે. કેરળ સરકાર આ સમાહે શરૂ થઈ રહેલાં તીર્થયાત્રા પહેલાં સબરીમાલા મંદિરથી જોડાયેલાં અલગ અલગ મુદ્દો પર ચર્ચા માટે એક સર્વપક્ષીય બેઠક કરી શકે છે.

પેટ્રોલ ૧૩ અને ડીઝલ ૧૨ પૈસા સસ્તું બન્યું

ન્યુ દિલ્હી

પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ફરી ઘટાડો થયો છે. ગ્રાહકો માટે રાહતના સમાચાર છે. મંગળવારે રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧૩ પૈસા પ્રતી લીટર ઘટ્યા છે આથી પેટ્રોલની કિંમત ૭૭.૪૩ રૂપિયા થઈ છે. પેટ્રોલની સાથે સાથે ડીઝલની કિંમતમાં ૧૨ પૈસાનો ઘટાડો થયો છે. ડીઝલની કિંમત ૭૨.૧૯ રૂપિયા થઈ છે.

અમદાવાદમાં પેટ્રોલના ભાવમાં ૧૨ પૈસાનો ઘટાડો અને ડીઝલના ભાવમાં ૧૩ પૈસાનો ઘટાડો નોંધાયો હતો. પેટ્રોલની કિંમત ૭૪.૬૩ રૂપિયા થઈ છે. પેટ્રોલની સાથે સાથે ડીઝલની કિંમતમાં ૧૨ પૈસાનો ઘટાડો થયો છે. ડીઝલની કિંમત ૭૫.૪૯ રૂપિયા થઈ છે. તો પેટ્રોલની કિંમત ૭૪.૭૫ રૂપિયા હતી તો છે. ડીઝલની કિંમત ૭૫.૬૨ રૂપિયા થઈ છે.

છેલ્લા કેટલાક સમયથી દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ભાવ વધ્યા હતા જેમાં હાલ થોડી રાહત મળી રહી છે. સોમવારે રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૧૭ પૈસા તો ડીઝલમાં ૧૫ પૈસાનો ઘટાડો નોંધાયો હતો.

દિલ્હીમાં સોમવારે પેટ્રોલની કિંમત ૭૭.૫૬ રૂપિયા પ્રતિલીટર તો ડીઝલ ૭૨.૩૧ રૂપિયા પ્રતિલીટર થયુ હતુ.તો દેશની આર્થિક રાજધાની મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં ૧૭ પૈસાનો ઘટાડો થતાં પેટ્રોલની કિંમત ૮૩.૦૭ રૂપિયા પ્રતિલીટર તો ડીઝલ ૭૫.૭૬ રૂપિયા પ્રતિલીટર થયુ હતુ.

ગયા મહિને ૪ ઓક્ટોબરે દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૪ તો મુંબઈમાં ૯૧.૩૪ રૂપિયા પ્રતિલીટર થઈ હતી. ડીઝલ દિલ્હીમાં ૭૫.૪૫ રૂપિયા પ્રતિલીટર થયુ હતુ તો મુંબઈમાં ૮૦.૧૦ રૂપિયા પ્રતિલીટર થયુ હતુ. ૧૬ ઓગસ્ટથી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ઝડપથી ગ્રાહકોને રાહત આપવા સરકારે પેટ્રોલ અને ડીઝલ પર ઉત્પાદક શુલ્કમાં ૧.૫૦ લીટરનો કાપ મુક્યો હતો. સાથે સાથે સરકારી તેલ કંપનીઓને ઈંધણ પર એક રૂપિયાની સબસીડી આપવાનુ કહ્યુ હતુ. ૫ ઓક્ટોબરે પેટ્રોલની કિંમત ૮૧.૫૦ રૂપિયા પ્રતિલીટર હતુ. ડીઝલ ૭૨.૯૫ પ્રતિલીટર થયુ હતુ.

દુર્વ્યવહારના આરોપ બાદ ફ્લિપકાર્ટમાંથી બિન્ની બંસલનું રાજીનામું

નવીદિલ્હી

દેશની દિગ્ગજ ઈ કોમર્સ કંપની ફ્લિપકાર્ટના સીઈઓ બિની બંસલે પોતાના હોદ્દા પરથી તાત્કાલિક અસર સાથે રાજીનામુ આપી દીધું છે. કંપનીના વોલમાર્ટ તરફથી અધિગ્રહણ કરવામાં આવે તેના છ મહિના બાદ જ આ આશ્ચર્યજનક ઘટના સપાટી ઉપર આવી છે. બિની બંસલે પોતાના જુના મિત્ર સચિન બંસલની સાથે મળીને ફ્લિપકાર્ટની સ્થાપના કરી હતી પરંતુ સચિને કંપનીના વેચાઈ જવાના સમય સુધી કેટલીક બાબતોનો ખુલાસો કર્યો હતો. સચિને એ વખતે જ રાજીનામુ આપી દીધું હતું. હજુ સુધી આ બાબત સ્પષ્ટ થઈ નથી કે, રાજીનામુ આપી દીધા બાદ બિની બંસલ બોર્ડમાં રહેશે કે કેમ. જાણકાર લોકોનું કહેવું છે કે, ગંભીર અંગત આરોપો બાદ ફ્લિપકાર્ટ અને વોલમાર્ટ તરફથી કરવામાં આવેલી સ્વતંત્ર તપાસ બાદ બિનીએ આ નિર્ણય કર્યો છે. સમગ્ર મજબૂતી સાથે આરોપોને ફગાવી દેવામાં આવ્યા છે. બિનીને લઈને આક્ષેપબાજીનો દોર પહેલાથી જ ચાલી રહ્યો હતો. વોલમાર્ટ તરફથી પણ કહેવામાં આવ્યું છે કે, બિની બંસલે ફ્લિપકાર્ટ ગ્રુપના સીઈઓના હોદ્દાથી રાજીનામુ આપી દીધું છે. બિની કંપનીની સહસ્થાપનાના સમયથી જ મહત્વપૂર્ણ હિસ્સા તરીકે હતા.

ટીકીટનો વધારે ભાવ લેતા રેલવે-આઈઆરસીટીસી સામે તપાસના આદેશ

ન્યુ દિલ્હી

ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ(સીસીઆઈ)એ ઈ-ટિકીટના મોટા ભાગની કિંમત વસૂલવાને કારણે ભારતીય રેલ તથા તેમના જ એકમ આઈઆરસીટીસી વિરુદ્ધ તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. ગુજરાતના અમદાવાદના મીત શાહ અને રાજકોટના આનંદ રણપાડાએ રેલવે તથા ભારતીય રેલવે ખાનપાન અને પ્રવાસન નિગમ પ્રા.(આઈઆરસીટીસી)ની વિરૂદ્ધ ફરિયાદ કરવામાં આવી છે. જેના પર આયોગ દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા છે. ગુજરાતના બંન્ને યુવકો દ્વારા આરોપ કરવામાં આવ્યા કે, રેલવે અને આઈઆરસીટીસી તેમના યાત્રીઓ પાસેથી આ દિવસોમાં વધારે ભાડુ વસૂલ કરી રહ્યા છે. અને ટિકીટના ભાવ પર પના અંક સાથે જોડી ઉમેરી તેના પર રાઉન્ડ ઓફ કરીને ભાડા કરતા વધારે રકમ વસૂલ કરવામાં આવે છે. દા. તરીકે તમારી ટીકીટની રકમ ૧૦૧ છે તો રાઉન્ડ ઓફ કરીને ૧૦૫ કરી દેવામાં આવે છે.

પ્રથમ દ્રષ્ટાંત પ્રતિસ્પર્ધાના નિયમોના ઉલ્લંઘનના મામલે સામે આવ્યા બાદ સીસીઆઈએ નવ નવેમ્બરે આપેલા આદેશમાં તપાસમાં એકમના મામલામાં તપાસ કરવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. તપાસના મામલે લોકો સાથે જોડાયેલા સંભવિત ભૂમિકાની પણ તપાસ કરવામાં આવશે.

ભારતગણ સંઘમાં જોડાણ માટે સહી કરનાર

વાંસદા સ્ટેટના સોલંકી વંશના મહારાજા દિગ્વિરેન્દ્રસિંહજીનું જૈફ વયે દુ:ખદ નિધન

સોલંકી વંશના ૨૨મા નરેશ મહારાજા દિગ્વિરેન્દ્રસિંહજીએ વાપીની હરિયા હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધો

સુરત

મહારાજા ઓફ વાંસદા દિગ્વિરેન્દ્રજીનું ૯૪ વરસની જૈફવયે આજે નિધન થતા વાંસદા પંથકમાં શોક વ્યાપી ગયો હતો. રાજા દિગ્વિરેન્દ્રજીએ વાપીની હરિયા હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. દેશી રજવાડાએ સરદાર સાહેબને ભારત ગણસંઘમાં સામેલ થવાના ખત પર સહીઓ કરી તે પૈકી જોડાણખત પર સહી કરનાર એકમાત્ર જીવંત રજા આ હતા. તેઓએ ૧૦મી જૂન ૧૯૪૮ના રોજ જોડાણખત પર સહી કરી હતી. દિગ્વિરેન્દ્રસિંહજીનો યુવા વયે રાજ્યાભિષેક થયો હતો. રજવાડુ હતું તેઓ પ્રજાવત્સલ રાજા હતા. રાજાશાહી દુષણ તેમને વળગેળા ન હતા સાદગીભર્યું સહજ જીવન તેમણે વિતાવ્યું હતું. સદ્‌ગત રાજા દિગ્વિરેન્દ્રસિંહજી રાયફલ શુટિંગ સહિત અનેક વિષયોમાં મહારત હાંસલ કરી હતી. મહારાજાએ વાસંદામાં હરણ અભ્યારણ્ય વિકસાવ્યું હતું. સોલંકી વંશના વાંસદા સ્ટેટના તેઓ ૨૨મા નરેશ હતા. વાસંદાથી ઉંમરગામ સુધી વાસંદા નરેશની આણ અને હાક આવતી હતી.

સદ્‌ગત મહારાજાના નિધનથી વાંસદામાં ગમગીની વ્યાપી ગઈ હતી. સદ્‌ગતની અંતિમવિધિ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ અંતિમવિધિમાં ગુજરાત સરકાર સહિત અનેક મહાનુભાવો જોડાશે.

નવસારીમાં દારૂ પકડવા ગયેલી પોલીસ ટીમ પર બુટલેગરો દ્વારા કાર ચડાવી દેવાનો પ્રયાસ



બુટલેગરે હુમલો કરતા પોલીસનો પાંચ રાઉન્ડ ગોળીબાર : દોડધામ મચતા ફાયરિંગમાં એક મજૂર ઘવાયો : ૩૦૦ પેટી દારૂ અને વાહનો ઝડપી પડાયા

સુરત

નવસારી-સુરત રોડ પર કસબા વિરાવળ ગામ નજીક અમદાવાદ સ્ટેટ વિજિલન્સની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યાં હતાં. દમણથી દારૂનો જથ્થો આવ્યો હોવાની બાતમીના આધારે પોલીસે કરેલી રેડમાં ફિલ્મી ઢબે સામ સામું ફાયરીંગ થયું હતું. જેમાં એક શખ્સને ગોળી વાગતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં નવસારી અને સુરત પોલીસ દોડતી થઈ ગઈ હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ વિરાવળ ગામ નજીક દમણથી દારૂનો જથ્થો આવ્યો હોવાની બાતમીના આધારે અમદાવાદ સ્ટેટ વિજિલન્સની ટીમે રેડ કરી હતી. આ દરમિયાન પોલીસ પર બુટલેગર દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. બુટલેગર દ્વારા પોલીસ પર કાર ચઢાવી દેવાનો -યાસ કરવામાં આવ્યો હોવાથી પોલીસે કાર પર ફાયરીંગ કર્યું હતું. જેમાં એક ભાવેશ ધીરૂ રાઠોડ રહે નવસારી વિરાવળ ગામ પીઠના ભાગે ગોળી વાગી હોવાનું જાણવા મળે છે.

નવસારીના એસીપી બીએસ મોરીએ જણાવ્યું હતું કે, બાતમીના આધારે રેડ કરવા ગયેલી પોલીસ અને એસઆરપીના જવાનો પર બુટલેગર કાર ચડાવવાનો -યાસ કરવામાં આવ્યો હતો. જેથી સ્વ બચાવમાં પીએસઆઈ દ્વારા ફાયરીંગ કરવામાં આવ્યું હતું. વર્ના કાર પર ફાયરીંગ પાંચ રાઉન્ડ ફાયરીંગ કરવામાં આવતાં એક શખ્સ ઈજાગ્રસ્ત થયો હતો. જ્યારે અન્ય લોકો નાસી ગયા હતાં. જેથી પોલીસે ઘટના સ્થળેથી ૩૦૦થી વધુ પેટી દારૂ અને ૯ ફોર વ્હિલ ગાડી સાથે એક મોપેડ ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બુટલેગર દ્વારા પોલીસ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેના બચાવમાં પોલીસ દ્વારા ૫ જેટલા રાઉન્ડ ફાયરીંગ કરવામાં આવ્યું હતું. બુટલેગરની કાર પર ગોળીઓ વાગી હતી. સાથે જ મજૂરી કામ અર્થે આવેલા શખ્સો દોડાદોડી કરતાં ભાવેશ નામના મજૂરને પણ ગોળી વાગી હતી.

પોલીસે રેડ દરમિયાન લાખો રૂપિયાનો દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. સાથે જ બુટલેગરના વાહનો પણ પોલીસે ઝડપી લીધા હતાં. દારૂ અને વાહનોનો જથ્થો ઝડપી લીધો હતો. જ્યારે અન્ય શખ્સો નાસી ગયા હતાં.

સમગ્ર ઘટનાની જાણ થતાં જ નવસારી પોલીસના અધિકારીઓ સુરત દોડી આવ્યાં હતાં. સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. તેમજ ઈજાગ્રસ્ત ભાવેશની મુલાકાત લઈને આગળની તપાસ હાથ ધરી હતી.

બોમ્બે માર્કેટ પાસે રાત્રિ સમયે વન્ડર ફૂલ સ્કૂલ બિલ્ડિંગમાં ભયાનક આગ લાગી

ભયાનક આગમાં ત્રણ માળનું આખું બિલ્ડિંગ સ્વાહા

સુરત

મોડી રાત્રે બે વાગ્યાના સુમારે જૂની બોમ્બે માર્કેટથી રેણુકા તરફ જતા રોડ ઉપર આવેલ વંડરફુલ સ્કૂલમાં ભીષણ આગ લાગી હતી. આગથી સ્કૂલનું ત્રણ માળનું મકાન અને ત્રણ મોટર સાઈકલ આગમાં સ્વાહા થઈ હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ જૂની બોમ્બે માર્કેટથી રેણુકાભવન તરફ જવાના રોડ ઉપર આવેલી વંડરફૂલ સ્કૂલમાં ગત મોડી રાત્રે બે વાગ્યાના સુમારે શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. આગથી સ્કૂલના બિલ્ડિંગને ભારે નુકસાન થયું હતું. બનાવની જાણ થતા જ ફાયર સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ફાયર ફાયટિંગની કામગીરી હાથ ધરી હતી. ગ્રાઉન્ડ ફલોર પ્લાસ ત્રણ માળની વંડર ફૂલ સ્કૂલમાં આગથી આખી બિલ્ડિંગને નુકસાન થયું છે. આગના લીધે સ્કૂલ કેમ્પસમા સ્ટાફ મેમ્બર્સની ૩ મોટરસાઈકલ પણ ભસ્મીભૂત થઈ હતી. આગથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. સ્કૂલમાં વેકેશન હોવાથી બંધ હાલતમાં છે. શોર્ટ સર્કિટથી લાગેલી આગે ભીષણ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગથી આજુબાજુનો અન્ય દુકાનો અને રહેવાસીઓમાં કકળાટ મચી ગયો હતો.

જૈન સાધ્વીની છેડતી કરનાર આરોપીને પકડી દાખલો બેસે તેવી કાર્યવાહી કરો

માજી કોર્પોરેટર આફ્રિકાવાલાએ પોલીસને આવેદન પાઠવ્યું

સુરત

એડવોકેટ તથા પૂર્વ કોર્પોરેટર દિપકભાઈ આફ્રિકાવાલાએ અઠવા પોલીસ મથકના પીઆઈને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, તા.૮-૧૧-૨૦૧૮ના રાત્રે ૧૨.૦૦ વાગ્યાથી તા.૯-૧૧-૨૦૧૮ના ૦.૧૫ સુધીના સમયમાં ગોપીપુરા શીતલવાડી જૈન ઉપાશ્રયમાં સાધ્વી મહારાજ સાહેબની અંધારી રાતમાં છેડતી કરી દુષ્કર્મ આચરવાનો જે યુવાન દ્વારા પ્રયત્ન થયો છે તેમાં સમગ્ર જૈન સમાજની લાગણી દુભાઈ છે અને આ વિસ્તારમાં ૩૪ જેટલા સાધ્વી મહારાજ સાહેબનાં ઉપાશ્રયો છે તેમાં ગભરાહટની લાગણી ઉભી થઈ છે. માટે આ દુરાચારનાં ગુનામાં જે કોઈપણ ગુનેગાર હોય તેને ઝડપથી પકડી ગુનાહિત પ્રવૃત્તિ કરનાર ઉપર દાખલો બેસે એવી ઝડપથી કાર્યવાહી કરવા આ વિસ્તારના પૂર્વ નગરસેવક તરીકે મારી આપને રજૂઆત છે. અત્રે ઉલ્લેખનીય છે કે જૈન સાધ્વીની ઉપાશ્રયમાં છેડતી અંગે જૈન સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને આ કેસમાં સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસ પણ તપાસમાં જોડાઈ છે.

આર્મી કમાન્ડો અશ્વીન કટારીયાનું મ્યુઝીક આલ્બમ લોન્ચ કરાયું

સમયની લાગણીઓને દર્શાવતુ મ્યુઝિક આલ્બમ છે 'પહેલી કિરણ'

સુરત

આજળ હિન્દ ફિલ્મ ક્રિએશન બેનર હેઠળ બનેલા મ્યુઝિક આલ્બમ પહેલી નઝરના નિર્માતા આર્મી કમાન્ડો અશ્વિન કટારિયા છે. એના સંગીતકાર, ગાયક અને ગીતકાર છે ઈશાન પંડ્યા. વિડિયનું દિગ્દર્શન અને મુખ્યય કલાકાર છે અશ્વિન કટારિયા અને હેતવી શાહ. ટૂંક સમયમાં આલ્બમ તમામ ચેનલો પર રિલીઝ કરાશે. પ્રોજેક્ટ ડિઝાઈનર છે દિલીપ પટેલ.

પહેલી કિરણના નિર્માતા-દિગ્દર્શક અને એક્ટર અશ્વિન કટારિયા સુરતના રહેવાસી છે. અને છેલ્લા ૧૧ વરસથી ઈન્ડિયન આર્મીમાં કમાન્ડો તરીકે કામ કરી રહ્યા છે. આ તેમનું પહેલું મ્યુઝિક આલબમ છે અને આવતા વરસે હિન્દી ફિલ્મ પોસ્ટિંગ પણ બનાવવાના છે. મ્યુઝિક આલ્બમ અંગે જણાવતા અશ્વિન કટારિયા કહે છે કે, અમે જ્યારે ઘરે આવીએ છીએ ત્યારે અમારા માતા-પિતા, ભાઈ-બહેન, પત્ની-પ્રેમિકા તથા પરિવારના અન્ય સભ્યોના સુખદુખને આલબમમાં દર્શાવાયા છે. હું ઈચ્છું છું કેસામાન્ય જનતા પણ અમારા સુખદુખ અને લાગણીઓને સમજે.

આલબમના સંગીતકાર, ગાયક અને ગીતકાર ઈશાન પંડ્યા છે જે ફિલ્મોમાં અભિનય કરી ચુક્યા છે. સુરતમાં તેમનો સીઝન્સ નામનો રેકોર્ડિંગ સ્ટુડિયો પણ છે. તેમણે હિન્દી ફિલ્મ જીવન સાથી ઉપરાંત ગેંગ ઓફ સુરતમાં તેમની પ્રતિભા દાખવી ચુક્યા છે. આલબમ અંગે ઈશાન પંડ્યા કહે છે, આ દિલને સ્પર્શી જાય એવું આલબમ છે. જે અમે દિલથી બનાવ્યું છે. એમાં દરેક પ્રકારના ભાવ તમે અનુભવી શકશો.

એમએસએમઈ સપોર્ટ અને આઉટરીચ કાર્યક્રમ સંદર્ભે વિશેષ શિબિર યોજાયો

૧૦૦ દિવસની ઝુંબેશ અંગે ઔદ્યોગિક એકમોને જરૂરી માર્ગદર્શન અપાયું

વલસાડ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા.૨જી નવેમ્બરે લોન્ચ કરેલા એમ.એસ.એમ.ઈ. સપોર્ટ અને આઉટ રીચ કાર્યક્રમ અંગેના પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે તેના આયોજન માટે વલસાડ કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર કે.જે.બોર્ડરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં દર સપ્તાહે મંગળવાર અને શુક્રવાર એમ બે કેમ્પ યોજવાનું નક્કી કરાયું હતું. જેને અનુલક્ષીને તા.૧૩/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૧૦-૩૦ થી ૫-૦૦ કલાક દરમિયાન વાપીના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બેન્ક ઓફ બરોડા, જી.આઈ.ડી.સી. ચાર રસ્તા ખાતે કેમ્પ યોજાશે. જેમાં સંબંધિતોને તેમની સમસ્યાઓનું નિરાકરણ માટે ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર કમલેશ બોર્ડરએ સરકારના આ મહત્ત્વના કાર્યક્રમને સફળ બનાવવા તમામને સાથે મળીને કામગીરી કરી લક્ષ્યાંક હાંસલ કરવા અનુરોધ કર્યો હતો. તેમજ તેની રીકવરી માટે પણ નિયમાનુસાર ચોક્કસ આયોજન કરવા જણાવ્યું હતું. વલસાડ ક્ષેત્રિય પ્રબંધક કલ્પેશ શાહે ૧૦૦ દિવસ ચાલનારી આ ઝુંબેશ દરમિયાન ઔદ્યોગિક એકમોને જરૂરી માર્ગદર્શન આપી સરળતાની લોન મળે તે પ્રકારનું આયોજન કરાયું હોવાનું જણાવ્યું હતું. લીડ બેંક મેનેજર સચિન શર્માએ પ્રેઝન્ટેશન થકી એમ.એસ.એમ.ઈ. સપોર્ટ કાર્યક્રમની વિગતવાર જાણકારી આપી તેમાં સૌના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. બેન્ક ઓફ બરોડાના જનરલ મેનેજર પ્રદીપ શ્રીવાસ્તવે એમ.એસ.એમ.ઈ. સપોર્ટ એન્ડ આઉટ રીચ કાર્યક્રમ દેશના વિકાસ માટે ખૂબ જ અગત્યનો હોઈ ઝડપથી કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમ અંગે યોજાનારા કેમ્પમાં ઔદ્યોગિક એકમના પ્રતિનિધિઓ તેમની સમસ્યા માટે ઉપસ્થિત રહે તે જરૂરી છે. અરજદાર પાસે ચેકલીસ્ટ પ્રમાણે લોન માટે જરૂરી દસ્તાવેજો હોય તો તેમાં કોઇ વિલંબ ન થાય તે જોવા તેમણે દરેક બેન્કર્સને જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર જી.એલ.પટેલ, સ્ટેટ બેંકના જનરલ મેનેજર મનોજ પવાર, બરોડા ગ્રામીણ બેન્કના પી.જી.પરમાર, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તેમજ વિવિધ બેન્કોના પ્રતિનિધિઓ વગેરે હાજર રહયા હતા.

ખુલ્લી જગામાં મુકેલી ગાડીમાંથી દારૂ મળ્યો

સુરત

કરચેલીયા ગામની એક ખુલ્લી જગ્યામાં સેરલેટ સ્પાર્ક કારમાંથી વગર પાસ પરમીટની વિદેશી દારૂની ૧૩૪૪ નંગ બોટલ કબજે કરી પોલીસે બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો હતો. જોકે પોલીસની નાકાબંધી જોઈને ચાલક બુટલેગર કાર મૂકીને ફરાર થઈ ગયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કરચેલીયા કોળીવાડ ગોવિંદભાઈ પટેલના મકાનની પાછળ આવેલા ખુલ્લા પ્લોટમાં ગતરોજ સેરલેટ સ્પાર્ક કાર જીજે-૫-સીએ-૪૦૬૬નો બુટલેગર ચાલક ૩૦ પુઠ્ઠાના બોક્ષમાં વ્હીસ્કી તથા ટીન બિયરની કુલ ૧૩૪૪ નંગ બાટલીઓ કિંમત રૂા.૭૨ હજારનો લઈને જતો હતો. પરંતુ પોલીસની નાકાબંધી જોઈને કાર ચાલક કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે મસમોટો વિદેશી દારૂનો જથ્થો તથા રૂા.૧ લાખની કાર મળી કુલ રૂા.૧.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કરી બુટલેગર ચાલકને વોન્ટેડ જાહેર કર્યો હતો. મહુવા પોલીસે પ્રોહિબીશન એક્ટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓ માટે વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ

નવસારી

રાજયના અનુસુચિત જાતિના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ માટે શારિરીક ક્ષમતા વધે, સાહસિક બને અને તેઓનામાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવાના હેતુથી રાજય સરકાર ધ્વારા વિદ્યાર્થી, બિનવિદ્યાર્થી યુવક-યુવતીઓને સાહસિક પગપાળા વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ ૧૦ દિવસ માટે યોજવાનું નકકી કર્યુ છે. રાજય સરકારના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર ધ્વારા રાજય સરકારના ખર્ચે ૧૦ દિવસનો સાહસિક પગપાળા વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ આગામી ડિસેમ્બર-૧૮ માં મહીસાગર જિલ્લામાં યોજાનાર છે. જેમાં પસંદ થયેલા ૧૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે. અનુસુચિત જાતિના યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧/૧૨/૨૦૧૮ ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેવા અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાની અરજી www. sycd. gujarat. gov. in વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી જેમાં સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ભાદરા, કોલોની પાછળ, કલેકટર કચેરી, બીજો માળ, રૂમ નં-૨૧૨, લુણાવાડા, જિ.મહિસાગર ને તા.૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં મોકલી આપવાની રહેશે.

કાર્યક્રમ દરમિયાન નિવાસ, ભોજન કાર્યક્રમ સ્થળે આવવા-જવાનો પ્રવાસ ખર્ચ તેમજ ભાગ લેવા બદલ પ્રમાણપત્ર રાજય સરકારશ્રી ધ્વારા આપવામાં આવશે. પસંદ થનાર યુવક-યુવતીઓને પત્ર/મોબાઈલ/ઈ-મેઈલ ધ્વારા જાણ કરવામાં આવશે.આ અંગે વધુ જાણકારી માટે જિલ્લા રમતગમત અધિકારી, મહિસાગર, મો.નં-૮૪૬૯૯૭૬૮૪૦ તેમજ ઈ-મેઈલ dso mahisagar 24@gmail. com ઉપર સંપર્ક કરવાં જણાવાયું છે.

વરાછામાં ત્રણ યુવકોએ પડોશી યુવતી સાથે શારીરિક કુચેષ્ટા કરી

સુરત

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એ.કે.રોડ અટલજીનગરમાં રહેતા અજય કુશ્વાહ, કાલુ તથા સંદિપ કે. નામના યુવકોએ પડોશી યુવતીને બિભત્સ ઈશારા કરતા હતા અને ફરિયાદી યુવતી સાથે બળજબરી કરી લાજ લેવાનો પ્રયાસ કર્યો હતો લાજ લેવાનો પ્રયાસ કાલુ નામના વ્યકિતએ કર્યો હતો. બનાવ અંગે યુવતીએ વરાછા પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી હતી. વધુ તપાસ પોસઈ એ.એન. જાની કરી રહ્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી ગણાવતા બિહારના નાયબ મુખ્યમંત્રી

બિહારના નાયબ મુખ્યમંત્રીએ સરદાર સાહેબની પ્રતિમાના ચરણમાં પુષ્પાંજલી સાથે કરી ભાવવંદના





ભારતભરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થળની ખૂબસુરત ભૂમિ જેવી અનુભૂતિ ક્યાંય થઈ નથીઃ બિહારના મંત્રી પરિષદનાં સભ્યોને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે મોકલાશે : ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ પણ સુશીલકુમાર મોદીની મુલાકાતમાં જોડાયાં

રાજપીપળાઃ નવા વર્ષે સ્ટેચ્યુ ઓફ યુનિટીના દ્વિતિય મુલાકાતી મહાનુભાવના રૂપમાં આજે બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલના કેવડીયા કોલોની ખાતે સ્થાપિત સરદાર સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનિટીની અને તેની સાથે સંલગ્ન વેલી ઓફ ફ્લાવર્સ, વોલ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, ભૂગર્ભ જળ વિદ્યુત મથક, ટેન્ટ સીટી સહિતના વિવિધ આકર્ષણોની મુલાકાત લેવાની સાથે પરમ ધન્યતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. નાયબ મુખ્યમંત્રીની સાથે તેમના ધર્મપત્નિ પણ આ મુલાકાત-પ્રવાસમાં સાથે રહ્યાં હતાં.

આજે સવારે કેવડીયા કોલોનીના હેલીપેડ ખાતે બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર, ગુજરાતનાં ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ, ગુજરાત મેરી ટાઈમ બોર્ડના સીઈઓ મુકેશ પુરી વગેરે હેલીકોપ્ટર દ્વારા આવી પહોંચતા નર્મદા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ, નિગમના અધિક્ષક ઈજનેર આર.જી. કાનુનગો અને પ્રાંત અધિકારી ડી.કે. ભગત વગેરેએ પુષ્પગુચ્છથી તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં પ્રવેશતા જ જિલ્લાના આદિવાસી કલાવૃંદે મેવાસી નૃત્યની રમઝટ સાથે નાયબ મુખ્યમંત્રીના આગમનને વધાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થળે વિવિધ વિભાગોની મુલાકાત દરમિયાન અતિ વિરાટ સરદાર સાહેબની વિરાટ પ્રતિમાના ચરણોમાં પુષ્પાંજલી અર્પીને રાષ્ટ્રના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ભાવવંદના કરી હતી તથા ભાવવિભોરતા સાથે જણાવ્યું હતું કે, સરદાર પટેલ સાહેબની પ્રતિમાના જુદા જુદા એન્ગલથી દર્શન કરવાની સાથે સતત દર્શન કરતા રહીએ તો પણ આપણે અતૃપ્ત હોઈએ તેવો અહેસાસ થાય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીને વિશ્વની ૮ મી અજાયબી ગણાવીને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબના વિરાટ કદની જેમ વિશ્વની સૌથી ઉંચી વિરાટ પ્રતિમાના નિર્માણ થકી વિશ્વની આઠમી અજાયબીની દેણ સાથે વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું છે.

બિહારના નાયબ મુખ્યમંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સભાખંડમાં સરદાર સાહેબના જીવન અને કવનને વણી લેતી ફિલ્મ નિહાળી હતી. તેમણે ૪૫ માળની ઉંચાઈએ પ્રતિમાના હૃદય સ્થળેથી માતા નર્મદા અને વિદ્યાંચલ-સાતપુડાની ગિરીમાળાઓના દર્શન સાથે નર્મદાના દર્શન પવિત્રતાની અલૌકિક ઉંચાઈએ પહોંચ્યાની અનુભૂતિ પણ કરી હતી. તેમણે વધુમાં બિહારના મંત્રી પરિષદનાં સભ્યોને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે મોકલાશે, તેમ જણાવ્યું હતું.

ગુજરાતના ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલે રાજ્ય સરકાર વતી બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદીને સ્મૃતિ ચિહ્ન એનાયત કર્યું હતું. સરદાર સરોવર નર્મદા નિગમના અધિક્ષક ઈજનેર આર.જી. કાનુનગોએ નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદીની આ મુલાકાત દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી, આ સમગ્ર પ્રોજેક્ટ તેમજ સરદાર સરોવર બંધની વિશ્વકક્ષાની ઈજનેરી વિશેષતાઓ તેમજ વિશ્વની અન્ય વિરાટ પ્રતિમાઓની સરખામણીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિરાટ પ્રતિમાની ઝીણવટભરી જાણકારી આપી હતી. તેમણે તોફાની પવનો, ઝંઝાવાતો, મોટા ધરતીકંપો સામે આ પ્રતિમાને રક્ષણ આપતી ઈજનેરી વ્યવસ્થાઓની માહિતી પૂરી પાડી હતી.

બિહારના નાયબ મુખ્યમંત્રીએ સરદાર સરોવર બંધના ટોપ પર જઈને સરદાર સરોવરના જળ ભંડાર સંગ્રહ ક્ષમતાની અને ઝીરો પોઈન્ટ ખાતેથી નર્મદા જળના મુખ્ય નહેરના માધ્યમથી સમગ્ર ગુજરાતમાં અને રાજસ્થાન સુધી વિતરણ વ્યવસ્થાની જાણકારી ઉપરાંત ભૂગર્ભ જળવિદ્યુત મથકની મુલાકાત લઈને નર્મદા યોજના હેઠળ જળવિદ્યુત ઉત્પાદનની ક્ષમતા અને વિતરણ વ્યવસ્થાની માહિતી મેળવી હતી. ટેન્ટ સીટીના આકર્ષણો અને સુવિધાઓની પણ જાણકારી તેમણે મેળવી હતી.

મંત્રીઓ વ્યુન્ગ ગેલેરી સુધી જતી લિફ્ટમાં ફસાયા

બિહારના ઉપમુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની આઠમી અજાયબી ગણાવી હતી.અને ખાસ કરીને સૌથી ચર્ચાસ્પદ બાબત એ રહી હતી કે,બિહારના ઉપમુખ્યમંત્રી મોદી સહિત રાજ્યના સિનિયર કેબિનેટ મંત્રી સૌરભ પટેલ પણ લિફ્ટમાં ફસાઈ ગયા હતા.વ્યુઈંગ ગેલેરી સુધી લઈ જતી લિફ્ટ ઓવરલોડ થઈ જ્યાં ૨ મિનિટ સુધી તમામ લોકો પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા.અને કેટલાકને શ્વાસ રૂંધાયાની તકલીફ પણ સામે આવી હતી.વધુમાં જણાવ્યું હતું કે અલ્પેશ ઠાકોર કે જેઓ અમદાવાદ ખાતેની છઠ્ઠ પૂજામાં ભાગ લેનાર હતા તેઓ પર તિર તાકીને સુશીલ મોદીએ જણાવ્યું હતું કે તેઓ પોતાની છબી સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે અને તેઓમાં હિંમત નથી કે તે બિહારમાં પગ મૂકે.દેશનો કોઈ પણ નાગરિક ક્યાંય પણ જઈને વ્યવસાય કરી શકે છેગુજરાતીઓ આજે સમગ્ર વિશ્વમાં છે અને બિહારના લોકો પણ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં છે.

કોસંબા નજીકની નાકોડા ફેકટરીમાં ભંગરિયાઓએ મચાવી કથિત લૂટ!?

પ્રાપ્ત મળતી અંતરંગ માહિતી મુજબ કોસંબા નજીક આવેલા હથુરન ગામ ની સીમમાં આવેલ નાકોડા ફેકટરી છેલ્લા ઘણા સમય થી બંધ છે કહેવાય છે કે કરોડો ના ખર્ચે બનેલ આ ફેકટરી માં કદાચ બેન્કોની લોન પણ બાકી હોય શકે?જે નાણા પ્રજાના ના કહેવાય આમ ફેકટરી ના રોકાણ માં ગર્ભિત રોકાણ આ દેશ ના નાગરિક નું કહેવાય પણ ફેકટરી બંધ જોઈ કહેવાય છે કે ભંગરિયાઓની દાઢ સળવળી છે

પ્રાપ્ત વિગત મુજબ સ્થાનિક કોસંબા પોલીસ ની કોઈ ફૂટલી કારતુસ કથિત અશોક દ્વારા ભંગયારિયાઓ ના મેલાપીપણા માં રોજ ભંગાર ની મોટાપાયે ચોરીઓ થઈ રહી છે

કહેવાય છે કે અંકલેશ્વર નજીક ના અંસાર માર્કેટ ના બે પરપ્રાંતીય ભંગારીઓ અને એક ગુજરાતી ભંગારીઓ તેમજ સુરત ના કિમ ચોકડી નો મારવાડી ભંગારીયો રાતના અંધારામાં ફેકટરી ની મોંઘીદાટ મશીનરી ને ભંગાર બનાવી પોતે માલામાલ બની રહ્યા છે.

કહેવાય છે કોસંબા પોલીસ, અંકલેશ્વર રૂરલ પોલીસ સહિત જિલ્લાઓ ની ચાર્ટર કામગીરી કરતી પોલીસ અજાણ હોવાની વાત ગળે ઉતરે તેમ નથી તો રાત્રે હાઈવે પર પેટ્રોલીગ કરતી પોલીસ ધૂતરાષ્ટ્ર ની ભૂમિકા ભજવતી હોવાનું હથુરણ ગામના જુવાનિયા માં લોકચર્ચા ઉઠી છે !?

ત્યારે જોવું રહ્યું કે સુરત રેન્જ આઈજીપી અને ભરૂચ ના બાહોશ જિલ્લા પોલીસ અધિક્ષક આ બાબતે તાત્કાલિક પગલા ભરશે કે હથુરણ ની નાકોડા ફેકટરી પર ભંગરિયાઓ ના હથોડા ચાલુ રહેશે જ્યાં સુધી ભંગાર મળશે!?

જુગારના ગુનામાં નાસ્તો ફરતો આરોપી રાજકોટથી ઝડપાયો



મોરબી એસઓજી ટીમે મોરબી બી ડીવીઝનના જુગારના ગુનામાં સવા વર્ષથી નાસ્તા ફરતા આરોપીને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી બી ડીવીઝનના જુગારના ગુનામાં સવા વર્ષથી નાસ્તો ફરતો આરોપી પ્રેમ હરેશકુમાર જાગનાણી (૩.૨૫) રહે- રાજકોટ, જાગનાણી નિવાસ ખાતે થી મોરબી એસઓજી ટીમે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

૧૮૧ મહિલા હેલ્પલાઈને એક વર્ષની દિકરીનું માતા સાથે મિલન કરાવ્યું

મહિલા હેલ્પ લાઈનની પ્રશંસનીય કામગીરીથી માતાની આંખો અશ્રૃથી છલકાઈ ગઈ

નવસારી

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાની પરણિતાએ ૧૮૧, અભયમ્ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી જણાવતા તેમની એક વર્ષની દિકરીને તેમના સાસરીપક્ષના લઈ જતા દિકરીને પરત અપાવવા મદદરૂપ થવા વિનંતી કરી હતી. જેથી ૧૮૧ મહિલા રેસ્કયુવાન ધ્વારા તેમના સાસરીયાપક્ષને ભારે સમજાવટ બાદ પરણિતાને દીકરી સોંપી હતી. એક વર્ષની દીકરી પરત મળતા માતાના આંખમાં આંસુથી છલકાયા હતાં.

આજથી પાંચેક વર્ષ પહેલા દિનાબેને (નામ બદલેલ છે) વાંસદામાં લગ્ન કર્યા હતાં. તેઓને શરૂઆતથી જ તેમના પતિ, સાસુ અને સાસરીયાપક્ષ ધ્વારા હેરાન કરતા હતાં. તેમના પતિએ મારઝુડ કરીને કાઢી મુકતા દિનાબેન તેમની એક વર્ષની દિકરી સાથે પિયરમાં રહેતા હતાં. થોડા સમય પહેલા દિનાબેનની પતિ અને સાસુ આવીને ધમકાવી એક વર્ષની દિકરીને તેમની સાથે લઈ ગયા હતાં. તેમની નાની દિકરી ખૂબ જ રડતી હોવાથી દિનાબેને ૧૮૧ મહિલા હેલ્પલાઈનની રેસ્કયુ ધ્વારા દિનાબેનની સાસરી પક્ષમાં જઈ દિકરી પરત આપવાની ના પાડી હતી.

જેથી ૧૮૧ મહિલા કાઉન્સીલર ધ્વારા તેમના સસુરાલ પક્ષને સમજાવી, કે દિકરી નાની હોવાથી તેને માતાની જરૂર છે. માતા વગર દિકરી રહી ન શકે તેવી ભારે સમજાવટ કરવાથી તેમની સાસુએ દિકરીને પરત સોંપી હતી. આ ઉપરાંત દિનાબેનને પણ કોઈ હેરાનગતિ નહી કરવાની ખાત્રી આપી હતી.

ભરૂચના વદડલા ગામ પાસે આવેલ સોસાયટીમાંથી ૬ બાઈકોની ઉઠાંતરી





ભરૂચની વડદલા ગામ પાસે આવેલી સાંઈ આશિષ સોસાયટી માં ગતરોજ રાત્રીમાં કેટલા તસ્કર ટોળકીએ ૬ બાઈકોની ઉઠાંતરી કરીને પલાયન થઈ ગયા હતાં. ત્યાર બાદ બે બાઈક અવાવરું જગ્યાએથી મળી આવી હતી. જ્યારે ચાર બાઈકો તસ્કરો ચોરી કરી ગયા હતા.

બનાવની મળતી માહિતી મુજબ ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકની હદમાં આવેલ સાંઈ આશીષ સોસાયટીમાં ગતરાત્રીના ૮ જેટલાં તસ્કરોએ સોસાયટીમાં પ્રવેશીને પાર્કિંગમાં પાર્ક કરેલ ૬ જેટલી કિંમતી બાઈકોના વાયરો કાપી ડાયરેક્ટ કરીને બાઈકોની ઉઠાંતરી કરીને પલાયન થઈ ગયા હતા.

સવારે સ્થાનિકોએ ઉઠીને જોતા તેમની બાઈકો જગ્યા પર નજર નહીં અવતાં લોકોના હોશ ઉડી ગયા હતા.તથા બાઈક ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું.બનાવ અંગે સ્થાનિકોએ આસપાસના વિસ્તારમાં તપાસ કરતા બે બાઈકો અવાવરું જગ્યા પરથી મળી આવી હતી.જ્યારે અન્ય ચાર બાઈકો નહીં મળતાં બાઈક માલિકોએ સી ડિવિઝન પોલીસ મથકે જાણ કરતા પોલીસે બાઈક ચોરોને ઝડપી પડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

અંકલેશ્વરના કાપોદ્રા ખાતે હાજી કદીર પીરઝાદાની હાજરીમાં યોજાયેલો કાર્યક્રમ

વ્યસન મુક્તિ તથા ઘરે ઘરે ગાય પાળોનો સંદેશો અપાયા

અંકલેશ્વર

અંકલેશ્વરના કાપોદ્રા ખાતે વર્ષો જૂની પરંપરા મુજબ કોમી એકતા અને ઘરે ઘરે ગયો પાળોનો સંદેશ સાથે એક કાર્યક્રમ મોટામિયા માંગરોળના ગાદી વારસ હાજી કદીર પીરઝાદાની ઉપસ્થિતમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં અંકલેશ્વર વાસીઓ ઉમટી પડ્યા હતા.

કોમી એકતા, ભાઈચારો અને વ્યસનમુક્તિના પ્રખર હિમાયતી મોટામીયા માંગરોળના ગાદી વારસ હાજી કદીર પીરઝાદાની અધ્યક્ષતામાં અંકલેશ્વરના કાપોદ્રા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા કૉંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલા, અંકલેશ્વર પાલિકાના વિપક્ષીનેતા ભૂપેન્દ્ર જાની, અગ્રણી મગન માસ્તર સહિત મોટી સંખ્યામાં હિન્દૂ મુસ્લિમ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કદીર પીરઝાદાએ લોકોને વ્યસન મુક્તિ, ઘરે ઘરે ગાયો પાળોઅને ભાઈચારો કેળવવા માટે આહવાન કરી સંદેશો આપ્યો હતો. વધુમાં કદીર પીરઝાદા એ જણાવ્યું હતું કે આ પરંપરા ૧૯૫૭ થી હું ચલવુ છુ અને આ પરંપરા મારા બાપ દાદા વખત થી ચાલતી આવે છે અને સમગ્ર ગુજરાત માંથી અહીયા આદિવાસી અને દલિત લોકો આવે છે અને અહીયા ખભે થઈ ખભે મિલાવી ને રહે છે વધુ માં એમને કહ્યું હતું કે જાન્યુઆરી મહિના માં એકલબાર થી ગૌશાળા શરૂ કરે છે અને એમના મુખ્ય મહેમાન રામકથા ના માહિર મોરારી બાપુ ઉપસ્થિત રહેવાના છે અને હિન્દુસ્તાન ના ઈતિહાસ માં પ્રથમ વખત દરગાહ પર ગૌશાળા શરૂ થઈ રહી છે.

સુવાલીના ભયજનક દરિયામાં ડૂબી ગયેલા યુવકની લાશ મળી આવી

સુરત

ગત બપોરે ડીંડોલી વિસ્તાના શુક્લા અને મિશ્રા પરિવારના સભ્યો સુવાલીના દરિયા કિનારે ફરવા માટે ગયા હતા. ભરતીના પાણીમાં બન્ને પરિવારના ત્રણ યુવાનો ડૂબી ગયા હતા. જે પેકી સચીન અને સેજલને સ્થાનિક તરવૈયાઓએ બચાવી લીધા હતા. જ્યારે ડૂબી ગયેલ આકાશની લાશ આજે બપોરે મળી આવી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત બપોરે એકાદ વાગ્યાના સુમારે સુવાલીના દરિયામાં ડીંડોલીના મિશ્રા અને શુક્લા પરિવારના સભ્યડો દરિયાના પાણીમાં નહાવાની મઝા લેતા હતા. બપોરે સવા એક વાગ્યાના સુમારે અચાનક ભરતીની શરૂઆત થતા દરિયાના ઊંચા મોઝામાં સચીન, સેજલ અને આકાશ તણાઈ ગયા હતા. પીરવારના અન્ય સભ્યો દ્વારા બૂમાબૂમ કરતા આજુબાજુના સ્થાનિક અને તરવૈયાઓ દોડી આવ્યા હતા. સચીન અને સેજલને બચાવવામાં સફળતા મળી હતી. તેમના શરીરમાં પાણી ગયુ હોવાથી તાત્કાલિક ૧૦૮ની મદદથી બન્નેને સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે મહાવીર હોસ્પિટલ ખસેડાયા તા. દરમિયાન પાણીમાં ડૂબી ગયેલ આકાશ ઉ.વ. ૧૯ની ઘણી શોધખોળ કરવામાં આવી હતી. આજે બપોરે તેની લાશ મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નર્મદા જિલ્લા કલેક્ટરને ૬ ગામના અસરગ્રસ્તોએ આવેદનપત્ર આપ્યુ

ગરુડેશ્વર તાલુકા તથા ૬/૭/૧૯ ગામના અસરગ્રસ્તોને લાયકાત મુજબ નોકરી આપવી અને દરેક ગામના લેબર કામ માટે ૧૦૦% ભરતી કરવાની માંગ કરી





રાજપીપળા:

નર્મદા જિલ્લાના અસરગ્રસ્તોના ગામો પૈકી નવાગામ, લીમડી, વાઘડીયા, કેવડિયા, કોઠી, ગોરાગામ તથા વીયર ડેમમાં જેમની જમીનો ડૂબમાં ગઈ છે તેવા અસરગ્રસ્તોના ૭ ગામો જેવા કે કેવડિયા, ગભાણા, ગરુડેશ્વર, ઈન્દ્રવરણા, મોટાપીપરીયા, થવડીયા ગામ તથા સરદાર સરોવર નર્મદા ડેમમાં ડુબાણમાં ગયા છે તેવા નવાગામ, લીમડી, મોખડી, વડગામ, ગધેર સહિતના ૧૦ ગામોના અસરગ્રસ્તો મંગળવારે રાજપીપળા કલેકટર કચેરીએ મોટી સંખ્યામા પહોચી સૂત્રોચ્ચારો કરી દેખાવો કર્યા હતા.અને જિલ્લા કલેકટરને અસરગ્રસ્તોએ પોતાની ૧૫ જેટલી પડતર માગણીઓ રજૂ કરતુ આવેદનપત્ર આપ્યુ હતુ. જેમા ૬ ગામ અસરગ્રસ્તોના પ્રમુખ વિક્રમ તડવી, નરેન્દ્ર તડવી, મણીલાલ ધીરુભાઈ, સુરેશ તડવી, નર્મદા કોંગ્રેસ પ્રમુખ હરેશ વાળંદ, ઉપપ્રમુખ જયંતિ વસાવા, માજી પ્રમુખ પ્રફુલ પટેલ સહીતના આગેવાનોએ કલેકટર, નર્મદા નિગમ ચેરમેન, સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચેરમેન તથા મંત્રી ગણપત વસાવાને ઉદેશીને આવેદનપત્ર આપ્યુ હતુ.

આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ગરુડેશ્વર તાલુકાના ૬/૭/૧૯ ગામના અસરગ્રસ્ત તથા ગરુડેશ્વર તાલુકાના લોકોને સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા ફૂલાવર ઓફ વેલી તથા સરદાર સરોવર ફીમાં જોવાની પરમીશન આપવી જોઈએ.તેમજ ગરુડેશ્વર તાલુકા તથા ૬/૭/૧૯ ગામના અસરગ્રસ્તોને લાયકાત મુજબ નોકરી આપવી,દરેક ગામના લેબર કામ માટે ૧૦૦% ભરતી કરવી,આદિવાસી ભવન માટે કેવડિયા ગામની આજુબાજુ રોડ પર ૨૦ એકર જમીન ફાળવી આપવા બાબત રેવા ભવનની આજુબાજુ અને સામેની જમીન ફાળવવાની માંગ કરી હતી.ઉપરાંત સ્વાગત તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુમાં દુકાન માટે ૧૦/૧૦ પ્લોટની જગ્યા ફાળવવી જેમાં ૬/૭/૧૯ ગામના અસરગ્રસ્ત અને ગરુડેશ્વર તાલુકાના લોકોને પ્લોટ ફાળવવા તથા તેનું ટોકન ભાડું નક્કિ કરવુ.ઉપરાંત બહારથી આવતા પ્રવાસીઓને પોતાની ગાડીમા મુલાકાત કરવા દેવી જોઈએ જેથી દરેક સાઈડ નિહાળી શકે તેમજ ટેન્ટ સીટીની પણ મુલાકાત કરે તેમજ રહેવાની વ્યવસ્થા હોય ત્યાં રહી પણ શકે તેનાથી રોડ પરના નાના વેપારીઓની રોજી રોટી પણ મળી રહે તે માટેની વ્યવસ્થા કરવી.સાથે સાથે રોડમાં જતા મકાનોના મકાન માલિકને પ્લોટ ફાળવવામાં આવ્યા છે તો તેમના નામનો હુકમ કરવા વિનંતી કરી છે. તેમજ ત્યાં પાણી, શૌચાલય, રસ્તા, લાઈટની વ્યવસ્થા આપવા તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજનાને લાભ આપવો તેમજ મકાન ખસેડવાનું મહેનતાણું આપવાની માંગ પણ કરી છે.

આ મામલે ૬ ગામના અસરગ્રસ્ત પ્રમુખ વિક્રમ તડવીએ જણાવ્યું હતુ કે સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા સરદાર સરોવર મની નીકમાં કોઈ મેડીકલ સુવિધા નથી. અહિયા હજરો સંખ્યામાં પ્રવાસી આવતા હોવાથી મેડીકલ સુવિધા અત્યંત જરૂરી છે.તો તે માટે તાત્કાલીક પગલા લેવા જોઈએ. તેમજ ગરુડેશ્વર તાલુકાના ૬/૭/૧૯ ગામના અસરગ્રસ્તોને દરેક ગામના યુવાન માટે શિક્ષિત બેરોજગાર યાદી બનાવવું અને દરેક કોપી જે તે સરપંચને આપો જેથી ભરતી જલદી થાય. ગુજરાતની પ્રા.શાળા અને ઉચ્ચત્તર માધ્યમિક અને કોલેજોના બાળકોને ફીમાં પાસ આપો અને દરરોજ બે શાળાની મુલાકાત લે તેવી વ્યવસ્થા કરવો. કેવડિયા ગામની આજુબાજુમાં જે પાર્કિંગની વ્યવસ્થા કરેલ છે. તેમા ફેન્સીંગ કરી સિક્યુરીટી મુક્વા જેથી પ્રવાસીની ગાડી તથા માલ સામાનની સલામતી રહે.પાણી અને શૌચાલયની વ્યવસ્થા કરવ,સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ટિકીટનો દર વધારે છે.તો તેનો દર રૂ.૧૦૦ કરવો અને બાળકોને રૂ.૨૦ રાખવામાં આવે.સાથેસાથે સ્વાગત-ટિકીટ બારી પાર્કિંગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આદિવાસીઓને ફેરી કરી ધંધો કરવા દેવા જોઈએ. સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૫૦% ટ્રસ્ટીઓ સ્થાનિક આદિવાસીઓનો સમાવેશ કરવો.અને ભરતી પ્રક્રિયા દર અઠવાડીએ નક્કિ કરેલ દિવસે ભરતીકરવાની માંગ કરી હતી જોતેમની માંગ નહી સ્વીકારાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

નોટબંધીનું વર્ષ પૂર્ણ થતા કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયું





ભરુચ જિલ્લા કોંગ્રેસ દ્વારા આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે નોટબંધીની નિષ્ફળતા અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રધાનમંત્રીને ઉદ્દેશીને કેટલાંક સવાલો લેખિત સ્વરૂપે આપવામાં આવ્યા હતા. તો સાથે સાથે નોટબંધીનાં નિર્ણયને વડાપ્રધાનનો તઘલકી નિર્ણય ગણાવી કલેક્ટર કચેરી કંપાઉન્ડમાં ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વડપણ હેઠળ ગત તારીખ ૮ નવેમ્બર ૨૦૧૬નાં રોજ દેશમાં નોટબંધી કરી દેવામાં આવી હતી. જેને બે વર્ષ પૂર્ણ થવા છતાં જે હેતુ માટે નોટબંધી કરવામાં આવી હતી તે હેતુ સિધ્ધ ન થતાં આજરોજ ભરૂચ જિલ્લા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેક્ટરને ફાટવાયેલા લેખિત પત્રમાં જણાવ્યું છે કે, વડાપ્રધાને મનસ્વી અને આપખૂદી રીતે નિર્ણય લઈને રૂપિયા ૧૫.૪૪ લાખ કરોડના ચલણી નાણાંને રદ કરી દેવામાં આવ્યું. જેનો ઉદ્દેશ આતંકવાદને નાથવા, નકલી નોટોને નાબુદ કરવા તથા કાળુ નાણું બહાર લાવવા માટે હતો. પરંતુ તે પૈકીનો એકપણ ઉદ્દેશ સિધ્ધ નથી થયો.

વધુમાં લખ્યું છે કે, નોટબંધી પછી નવી નોટો છાપવા માટેનો ખર્ચ ૭૯૬૫ કરોડ થયો. કેન્દ્ર સરકારનાં નોટબંધીના નિર્ણયને પગલે લઘુ-મધ્યમ ઉદ્યોગોને મરણતોલ ફટકો પડ્યો, કુટીર ઉદ્યોગો નાશ થવાના આરે આવી ગયા. રોજીંદી આવક વાળા કરોડો લોકોએ પોતાની રોજગારી ગુમાવી દીધી. ભારતીય અર્થતંત્રનાં જીડીપી વિકાસમાં પણ ૧.૫ ટકાનું નુકશાન થયું. અને આ નિર્ણયના પગલે દેશમાં ૧૦૦ કરતાં વધુ લોકોએ આઘાતનાં પગલે જીવ ગુમાવ્યા હતા. નોટબંધીનાં બે વર્ષ થવા છતાં પણ હજી દેશમાં કોઈપણ પ્રકારનો સુધારો કે ચીજવસ્તુઓનાં ભાવોમાં ફર્ક પડ્યો નથી. જેનાં કારણે કેટલાંક લેખિતમાં સવાલો રજૂ કરી વડાપ્રધાન સુધી પહોંચાડવા રજૂઆત કરી હતી.

દહેજ જીઆઈડીસીમાં આવેલી હિમાની એગ્રોમાં આગ લાગતાં ૫ વ્યક્તિઓ દાજયા: એકનું મોત



ભરૂચ જિલ્લાનાં દહેજ GIDC ખાતે આવેલી હિમાની એગ્રો ઈન્ડસ્ટ્રીમાં ગત રાત્રીના ફોર કલીપ ચાલવતી વખતે સ્પાર્ક તથા તે સમયે આગ લાગતા દોડધામ મચી હતી.

દહેજ GIDC ખાતે આવેલી હિમાની એગ્રો ઈન્ડસ્ટ્રીમાં ગત રાત્રીના ફોર કલીપ ચાલવતી વખતે સ્પાર્કથી તણખા ઉડતાં બાજુમાં રહેલા કેમિકલી કચરામાં આગ ભભૂકી ઉઠતા નાસભાગ મચી હતી.જોકે આગ એટલી ભયાનક હતી કે,જેમાં કંપનીના ૫ લોકો દાજયા હતા.તેવોને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.જેમાં ૩ વ્યક્તિઓ ની હાલત ખુબજ નાજુક હતી. જ્યારે સારવાર દરમ્યાન એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે દહેજ પોલીસે ફરિયાદ દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

પેરોલ ફર્લો સ્કવોર્ડે અંકલેશ્વર વિસ્તારમાં

નંબર પ્લેટ વગરની બાઈક સાથે શંકાસ્પદ હાલતમાં ફરતો ઈસમ ઝડપી પાડ્યો

અંકલેશ્વર શહેરમાં પેરોલ ફર્લો સ્કોડની ટીમને ભરૂચ એસપી રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડની ટીમ અંકલેશ્વર શહેર પોલીસ મથક વિસ્તારમાં રાત્રી પેટ્રોલીગ હતાં.તે દરમિયાન ગાડખોલ પાટિયા નજીક આવતાં એક બાઈક ચાલાક નંબર પ્લેટ વગરની મોટર સાયકલ લઈને પ્રશાંત ઉર્ફે રાહુલ જગન્નાથ વારેડને રોકી ગાડીના કાગળો અને આરસી બુકની માંગતા તેની પાસે ગાડી અંગેના કોઈ પણ આધાર પુરાવા મળી આવ્યાં ન હતા.જે અંગે પોલીસને શંકા જતા તેની વધુ તપાસ કરી હતી.જે આરોપી અગાઉ આશરે દોઢ વર્ષ પહેલાં સુરત ધામરોડ રોડ પર આવેલ તનીક્ષ જવેલરીના શોરૂમ માંથી સોના ચાંદીની ચોરીમાં પકડાયેલ છે.

જે અંગે પેરોલ ફર્લો સ્કોડ આરોપી પ્રશાંતની ૪૧(૧)ડી મુજબ અટકાયત કરીને બાઈકની કિંમત રૂપિયા ૪૫ હજારની સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.વધુ તપાસ અંકલેશ્વર શહેર પોલીસ ચલાવી રહી છે.

દર્દી લેવા જતી ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે સામેથી ભટકાયેલ બાઈકચાલકને ઈજા



રાજપીપળા : નર્મદા જિલ્લા માં ૧૦૮ ઈમર્જન્સી સેવા ની ટિમો ખુબ સારી કામગીરી કરી હજારો લોકોના જીવન બચાવવામાં અહં ભૂમિકા ભજવતું આવ્યું છે ત્યારે ગતરોજ રાજપીપળા સ્તિથ ૧૦૮ એમ્બ્યુલન્સ નં.જી જે ૧૮ જી એ ૦૩૦૯ એક દર્દી ને લેવા જતી હતી ત્યાં સુરજવડ ગામ પાસે સામે થી પુરપાટ આવતી બાઈક ના ચાલાક અરવિંદ નરસિંહભાઈ તડવી (સુરાજવડ) સામે થી એમ્બ્યુલન્સમાં બાઈક અથાડતાં એમ્બ્યુલન્સ ને નુકશાન થયું જયારે બાઈક ચાલાક અરવિંદ ને પણ ઈજાઓ થતા ઘટના સ્થળે ૧૦૮ ની ટીમે જ તાત્કાલિક સારવાર આપવાની ફરજ પડી હતી ત્યારે ૧૦૮ ગાડી ને નુકશાન થતા પાઈલોટ ઉસ્માનગની કુરેશીએ રાજપીપળા પોલીસ માં ફરિયાદ આપી છે .

ઉમલ્લાની પાણેથા આઉટ પોસ્ટના ASI ૧૫૦૦૦ની લાંચ લેતા ઝડપાયા

રાજપીપળા : ભરૂચ જિલ્લાના ઉમલ્લાની પાણેથા આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા ASI જશવંત વસાવા જુગાર ના કેશમાં પકડાયેલા વ્યક્તિ વિરુદ્ધ કેશ નહિ કરવા ના સેટિંગ બાબતે એક દિપક નામના વ્યક્તિ પાસે ૧૫૦૦૦ ની લાંચ માંગી હતી જે બાબતે નર્મદા ACB માં ફરિયાદ કરતા નર્મદા ACB એ આ ASI ને લાંચ લેતા ઝડપી પાડતા ચકચાર મચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ૨ દિવસ પેહલા પાણેથા ગામમાં જુગાર રમતા અમુક લોકોને પકડ્યા હતા. જેમાં જુગારનો કેસ નહિ કરવા દિપક નામના વ્યક્તિ પાસે આ જસવંતે સ્થાનિક વ્યક્તિ પાસે કોઈ કાર્યવાહી નહીં કરવા ૧૫૦૦૦ ની લાંચ માંગી હતી.

જે બાબત ની દીપકે નર્મદા ACB માં ફરિયાદ કરી હતી નર્મદા ACB ના પી આઈ પી ડી બારોટ અને એમની ટીમે ફરિયાદ ના આધારે છટકું ગોઠવ્યું અને આજે પાણેથા આઉટ પોસ્ટમાં જ ૧૫૦૦૦ રૂપિયા ની લાંચ લેતા આ ASI જસવંત રંગે હાથ ઝડપાયો હતો પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અને આ ASI એ કોનાં ઈશારે આ નાણાં માંગ્યા હતાં જેમાં પીએસઆઇ કે કોઈ પીઆઇ નો હાથ છે કે નહિ એ બાબત ની પોલીસ ઈન્સ્પેક્ટર ACB નર્મદા તપાસ હાથ ધરી છે. આગળ ની તપાસ ભરૂચ એ સી બી કરશે એમ પણ જાણવા મળ્યું છે.

ભરૂચ ખાતે ૨૭ નવેમ્બરે યંગ ટેલેન્ટ બેટરી ટેસ્ટ યોજાશે

ભરૂચ:

ભરૂચ જિલ્લાના ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ એથલેટીકસ રમતમાં અં.-૯ અને અં-૧૧ માં પ્રથમ ૧ થી ૮ ક્રમે આવેલ ખેલાડીઓ માટે ભરૂચ જિલ્લાનો યંગ ટેલેન્ટ ટેસ્ટ તા.૨૭ નવેમ્બર-૨૦૧૮ ના રોજ તપોવન સંસ્કાર કેન્દ્ર, ઝાડેશ્વર ખાતે સવારે ૦૭:૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. આ કસોટીમાં પાસ થયેલ ખેલાડીઓ ને રાજય કક્ષાએ સીલેક્સન પ્રક્રિયામાં જવાનું રહેશે. રાજયકક્ષાએ પસંદગી પામ્યા બાદ સરકાર દ્વારા જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલમાં રહેવા - જમવાની, સ્પોર્ટસની તાલીમ અને અભ્યાસની સવલત વિનામૂલ્યે આપવામાં આવશે એમ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર - ભરૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.